# મોડાસાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષમાં અસામાજિક તત્વોની તોડફોડ

## મોડાસા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષનું લોકાર્પણ પહેલા તોડફોડથી ઉગ્ર રોષ


મોડાસા, તા. ૧૭

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં નગરપાલિકા તંત્ર દ્વારા શહેરના બાળકોમાં રહેલી



રમત-ગમતની પ્રતિભા બહાર લાવવા અને બાળકો માટે માળખાગત સુવિધા ઉપલબ્ધ કરાવવા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષનું નિર્માણ કરવા માટે ખાનગી કોન્ટ્રાક્ટરને કોન્ટ્રાકટ અપાતા કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. લોકાર્પણની રાહ જોતા સોપટ્સ કોમ્પ્લેક્ષમાં કેટલાક અસામાજિક તત્વોએ ગેરકાયદેસર પ્રવેશ કરી તોડફોડ કરતા ચકચાર મચી હતી. આ અંગે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષનું નિર્માણ કરનાર કોન્ટ્રાક્ટરે મોડાસા નગરપાલિકામાં જાણ કરવાની સાથે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપી અસામાજિક તત્વો સામે કાયદાકીય કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

મોડાસા શહેરના સર્વોદયનગર વિસ્તારમાં નગરપાલિકા તંત્ર દ્વારા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષનું નિર્માણ કરવા માટે ટેન્ડર પ્રક્રિયા દ્વારા વિનોદ પટેલને કોન્ટ્રાકટ આપવામાં આવતા કોન્ટ્રાક્ટર દ્વારા કોમ્પ્લેક્ષની કામગીરી પૂર્ણ કરી મેદાનનું લેવલીંગ બાકી હતું ત્યારે કેટલાક અજાણ્યા ઈસમોએ સ્પોર્ટ્સ સંકુલમાં પ્રવેશી રૂમોના દરવાજા,ટ્યુબલાઈટો, સ્વીચ બોર્ડ, લોખંડની જાળી અને ફ્લોરીંગમાં તોડફોડ કરી ફરાર થઈ જતા આ અંગે કોન્ટ્રાક્ટરને જાણ થતા આ અંગે નગરપાલિકા ચીફ ઓફિસરને લેખિત જાણ કરવાની સાથે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી કરી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષમાં તોડફોડ કરનાર અસામાજિક તત્વોને ઝડપી પાડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની



રજુઆત કરી હતી.

મોડાસા શહેરના સર્વોદયનગર વિસ્તારમાં બનાવેલ આંબેડકર ભવન અને સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ શહેરના અન્ય વિસ્તારમાં બનાવવામાં આવ્યું હોત તો શહેરીજનો માટે વધુ ઉપયોગી સાબિત થાત તેવું શહેરીજનોમાં ચર્ચાઈ રહ્યું છે.

# દઘાલીયા દૂધ મંડળીમાં ફેટમાં થતી વધઘટ કરવામા આવતી હોવાની આશંકાએ તપાસનો ધમધમાટ

## ડેરી સુપરવાઇઝરે દોઢ માસનો ડેટા લઈ રિપોર્ટ શામળાજી શીતકેન્દ્રને સોંપશે

મોડાસા, તા. ૧૭

મોડાસાના દઘાલીયા ગામની દૂધ ઉત્પાદક મંડળીમાં ઘણા સમયથી ફેટમાં વધઘટ અંગે વારંવાર ચેરમેન, સેક્રેટરી અને ટેસ્ટરને ફરિયાદ કરવા છતાં ધ્યાને ન લેવાતા ઉચ્ચકક્ષાએ જાણ કરવામાં આવી હતી. સાબરડેરી સત્તા વાળાઓએ મામલામાં ગંભીરતા દાખવી બુધવારના દિવસે ડેરી સુપરવાઈઝર મનીષ પટેલ દઘાલીયા દૂધ મંડળીમાં તપાસ કરવાની ફરજ પડી હતી. દૂધ મંડળીના જવાબદારો સાથે સંબંધિત ચર્ચા કરી સુપરવિઝન કરી છેલ્લા દોઢ માસનો ડેટા લેવામાં આવ્યો હતો. ડેરી સુપરવાઈઝર મનીષ પટેલ સાથે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, પાંચ એક ફેટ આવેતો ભેશમાં જતું હતું.

ગાયનું દૂધ હોય અને તેનું પાંચ એક ફેટ આવે તો તે ભેંશ જતું રહેતું હતું. વધુમાં તેમને જણાવ્યું હતુંકે દૂધ મંડળીના જવાબદારોની ભૂલને કારણ તેના પર ધ્યાન ન આપતા સ્થિતિનું નિર્માણ થયું છે. છેલ્લા દોઢ માસનો ડેટા રિપોર્ટ લેવામાં



આવ્યો છે. શનિવારે શામળાજી શીત કેદ્રના ઉચ્ચ અધિકારીને સોંપવામાં આવશે અને અધિકારી જે પણ નિર્ણય લેશે તે પ્રમાણે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. દઘાલિયા દૂધ મંડળીમાં આશરે ૨૮૦થી વધુ દૂધ ધારકો ૧૬૦૦ લિટરથી વધુ દૂધ ભરાવે છે. વર્ષે રૂ.૧૦ લાખથી વધુનો નફો લે છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી ઉઠેલી રાવ ચરમસીમાએ પહોચતા ન છૂટકે ઉચ્ચ અધિકારીઓ દ્વારા તપાસ તેજ કરવાનો વારો આવ્યો છે. દઘાલીયા ગ્રામજનો ન્યાય માટે પીછેહઠ કરવા માંગતા ન હોય ઉચ્ચ અધિકારીઓ જો આ મામલાની ઝીણવટભરી તપાસ કરે તો મંડળીમાં ગેરરીતિ થઈ છે કે નહીં તે પણ બહાર આવી શકે છે. દૂધ ધારકો યોગ્ય ન્યાય મળે તેવી આશા રાખી રહ્યા છે.









### ભિલોડા પાસે ટ્રક-ટ્રેલર કન્ટેઈનરના પાછળના ભાગે ઘુસી જતાં બાઈકચાલક ગંભીર

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે લાટી બજાર પાસે સિમેન્ટ ભરેલું ટ્રક ટ્રેલર કન્ટેઈનરનો ચાલક હાર્દસમા બજાર વિસ્તારમાંથી શામળાજી તરફથી આવી રહ્યો હતો.ટ્રક ટ્રેલર કન્ટેઈનરના પાછળના ભાગે બાઈક ચાલક નવયુવાન એકાએક બાઈક ઘુસાડી દેતાં બે નવયુવાનો ગંભીર રીતે ઘવાયા હતા.ભિલોડા-શામળાજી ધોરીમાર્ગ ઉપર ઘટનાસ્થળે લોકોના ટોળે-ટોળા એકત્રીત થઈ ગયા હતા ત્યારે અકસ્માતની વાયુવેગે પ્રસરી જતાં ટ્રાફીક ચક્કાજામ થઈ ગયો હતો.પોલીસ અને ટી.આર.બી.ના જવાનો તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

### એસ.આર.પી જવાનને ફીટનેશ સર્ટીફીકેટ આપવા અંતર્ગત

# હિંમતનગર જનરલ હોસ્પિટલનો કરાર આધારિત કલાર્ક ૮ હજારની લાચં લેતાં એસીબીના હાથે રંગેહાથ ઝડપાયો

સાબરકાંઠા જિલ્લાના વડા મથક હિમંતનગર ખાતે આવેલ જી.એમ.ઈ.આર.એસ સિવિલ હોસ્પિટલમાં ગત રોજ બુધવારે આશરે ૫ થી ૬ વાગ્યાના સમય દરમ્યાન ૧૧ માસના કરાર આધારિત કલાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર શૈલેષ પંડ્યા ફીટનેશ સર્ટિફિકેટ માટે એસ.આર.પી જવાન પાસે રૂ. ૮ હજારની લાચં લેતાં મોડાસા એસીબીના હાથે ઝડપાઈ જતાં સિવિલ હોસ્પિટલ સંકુલ સહિત સાબરકાંઠા-અરવલ્લી બંન્ને જીલ્લાઓમાં ચકચાર મચી જવા પામી હતી.

આ અંગે પ્રાપ્ત થતી માહીતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના મુટેડી ખાતે એસ આર પી ગૃપ - ૬ માં ફરજ બજાવનાર કર્મચારીને ફીટનેશ સર્ટિફિકેટ સાથે હાજર થવાના સુચનાને પગલે એસ.આર.પી જવાને હિમંતનગર જીએમઈઆરએસ જનરલ



હોસ્પિટલ ખાતે ફીટનેશ ટેસ્ટ આપ્યો હતો જે અંતર્ગત સર્ટિફિકેટ આપવા માટે હિમંતનગર સિવિલ હોસ્પિટલના ૧૧ માસના કરાર આધારિત કલાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર શૈલેષ ધનજીભાઈ પંડ્યાએ રૂ. ૮ હજારની માગણી કરી હતી. જેથી એસઆરપી જવાનને લાચં ન આપવી હોય એસીબીનો સંપર્ક કર્યો હતો. જેથી એડી. ડેપ્યુટી. ડાયરેક્ટર એસીબી જયદીપ સિંહ જાડેજાના સુપરવિઝન હેઠળ અરવલ્લી એસીબી પીઆઇ આર.એન. પટેલે લાચં આપવાના નકકી કરેલ સમયે દરમ્યાન ગત રોજ બુધવારે આશરે ૫ થી ૬ વાગ્યાના સમય દરમ્યાન ૧૧ માસના કરાર આધારિત કલાર્ક કમ કોમ્પ્યુટર ઓપરેટર શૈલેશકુમાર ધનજીભાઈ પંડ્યા રૂ. ૮ હજારની લાચં લેતાં એસીબીના હાથે રંગેહાથ ઝડપાઈ ગયો હતો. તેમજ સિવિલ હોસ્પિટલમાં એસીબીની રેડ અંતર્ગત સિવિલના અધિકારીઓ છું મંતર થઈ ગયા હતા.

# ગણપત યુનિ. ખાતે 'જિમ'ના ૮૭ વિદ્યાર્થીઓને સુઝુકી મોટર્સ, ગુજરાત દ્વારા જોબ ઓફર

ગણપત વિદ્યાનગર, તા. ૧૭

જપાન અને ભારત સરકારના સંયુક્ત ઉપક્રમે ગણપત યુનિવર્સિટી ખાતે ઉભા થયેલા દેશના સૌ પ્રથમ 'જપાન ઈન્ડિયા



ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેન્યુફેક્ચરિંગ-જિમની પ્રથમ બેંચના આઈટીઆઈ ટ્રેઈનીઝ વિદ્યાર્થીઓ માટે સુઝુકી મોટર, ગુજરાત દ્વારા તા. ૧૬ અને ૧૭ મે, ૨૦૧૮ દરમિયાન યોજાયેલી પ્લેસમેન્ટ ડ્રાઈવમાં ૮૭ જેટલાં વિદ્યાર્થીઓને જોબ ઓફર કરવામાં આવી છે.

સુઝુકી મોટર, ગુજરાતના વિરમગામ નજીકના હાંસલપુર ખાતેના મારૂતી કાર બનાવવાના પ્લાન્ટમાં સારા પગારે આ વિદ્યાર્થીઓએ હવે કામ કરવાનું રહેશે.

ફિટર, ઈલેક્ટ્રીશિયન, વેલ્ડર, મિકેનિક-ઓટો બોડી પેઈન્ટ, મિકેનિક-ઓટોબોડી રિપેર અને ડિઝલ મિકેનિક જેવી જિમ આઈટીઆઈની વિવિધ વિદ્યાશાખાના લાયક બનેલા કુલ મળીને ૮૭ વિદ્યાર્થીઓ આ સુઝુકી મોટર, ગુજરાતની પ્લેસમેન્ટ ડ્રાઈવમાં જોડાયા હતા. જેમના પર્સનલ ઈન્ટરવ્યૂ લેવાયા હતા અને આખરે એ તમામ વિદ્યાર્થીઓને જોબ માટે પસંદ કરવામાં આવ્યા હતા.

હવે પછીના દિવસોમાં મારૂતીકાર માટેના નાના-મોટા પૂર્જા બનાવતી અને સુઝુકી મોટર ગુજરાતને સપ્લાય કરતી અન્ય ચૂનંદી કંપનીઓ પણ ગણપત યુનિવર્સિટી ખાતે ઉભા થયેલા 'જપાન ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેન્યુફેક્ચરિંગ જિમના આઈટીઆઈ ટ્રેઈનીઝ વિદ્યાર્થીઓને પોતાને ત્યાં નોકરી માટે પસંદ કરવા પ્લેસમેન્ટ ડ્રાઈવમાં જોડાશે અને ઈન્ડસ્ટ્રી રેડી સ્કીલ્ડ સ્ટુડન્ટસને સારા પગારે જોબ ઓફર કરશે.

### મોડાસાની માતૃશ્રી એલ.જે. ગાંધી બીસીએ કોલેજ, મોડાસાનું ગૌરવ

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની તાજેતરમાં માર્ચ-જૂન-૨૦૧૮માં લેવાયેલી બી.સી.એ. સેમ-૨ની યુનિવર્સિટીની પરીક્ષામાં ૧૦૦ ટકા પરીણામ મેળવેલ છે. જેમાં ડામોર અંજીત પી.એ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં છઠ્ઠો ક્રમાંક અને માકાણી અનંત વી.એ નવમો ક્રમાંક મેળવી બી.સી.એ. કોલેજનું ગૌરવ વધારેલ છે. વધુમાં આવી સુંદર સિદ્ધિ હાંસલ કરવા બદલ કોલેજ કેળવણી મંડળના પ્રમુખ નવિનચંદ્ર આર. મોદી અને કોલેજના પ્રભારીમંત્રી અરવિંદભાઈ જે. મોદી તથા સુરેન્દ્રભાઈ જે. શાહે અભિનંદન પાઠવ્યા હતા. તેમજ કોલેજના આચાર્ય પ્રો. રાજેશ મકવાણા તથા સમગ્ર સ્ટાફમિત્રોને અભિનંદન પાઠવ્યા હતા.

### રાયગઢ ચોકડી નજીક ટ્રક ચાલક બાળકને બચાવવા જતા વૃદ્ધાને કચડતા ઘટનાસ્થળે મોત

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે.નં-૮ પર આવેલા રાયગઢ ચોકડી નજીકથી પસાર થતા બાળકને બચાવવા જતા ટ્રક ચાલકે વૃદ્ધા અને બે બાઈકને અડફેટે લેતા વૃદ્ધા રોડ પર પટકાતા ટ્રકના ટાયરો વૃદ્ધાના શરીરે ફરી વળતા વૃદ્ધાના શરીરના ફૂરચેફૂરચા નીકળી જતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું જયારે બે બાઈક પર સવાર લોકોના શરીરે ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ ઈજાગ્રસ્ત લોકોને સારવાર અર્થે દવાખાને ખસેડ્યા હતા. ટ્રક અકસ્માત સર્જી ટ્રક ડિવાઈડર પર ચઢી ગયો હતો. અકસ્માતની ઘટનાની જાણ ગાભોઈ પોલીસને થતા તાબડતોડ અકસ્માત સ્થળે ધસી આવી મૃતક વૃદ્ધાની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

### ઊંઝામાં વધુ ઘરફોડ અઢી લાખના દાગીના રોકડની ચોરી

ઊંઝા ખાતે દાસજ રોડ પર આવેલ સોમેશ્વર બંગ્લોઝના એક મકાનમાં રાત્રીના સમયે તસ્કરોએ મકાનના દરવાજાનો નકૂચો તોડી અંદરથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી કુલ રૂપિયા ૨,૫૯,૫૦૦ની મત્તાની ચોરી કરી હોવાનો બનાવ બનેલ છે. ઊંઝા ખાતે દાસજ રોડ પર સોમેશ્વર બંગ્લોઝ આવેલ છે. બંગલા નં. ૨ ૩માં રહેતા પટેલ કમલેશભાઈ ગોવિંદભાઈના મકાનમાં રાતના સમયે કોઈ તસ્કરો ત્રાટક્યા હતા. તસ્કરોએ મકાનના દરવાજાનો નકૂચો તોડી અંદર પ્રવેશ કર્યો હતો. સોના-ચાંદીના કિંમતી દાગીના તેમજ રોકડ રકમની ચોરી કરી હતી. ચોરાયેલ મુદ્દામાલની કિંમત રૂપિયા ૨,૫૯,૫૦૦ની થવા જાય છે.

# શિહોરીમાં સંજીવની હોસ્પિટલમાં જિલ્લા આરોગ્ય વિભાગે પાડ્યો દરોડો

## શિહોરી સંજીવની હોસ્પિટલમાંથી સોનોગ્રાફી મશીન સીલ કરાયુ : સોનોગ્રાફી તપાસના 'એફ' ફોર્મ ભરવામાં ન આવતા હોવાનું ખુલ્યુ

કાંકરેજ, તા. ૧૭

કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે મેઈન બજારમાં આવેલ સંજીવની હોસ્પિટલ છેલ્લા કેટલાય વર્ષોથી કાર્યરત છે. જ્યાં તા. ૧૫-૫-૨૦૧૮ના રોજ જિલ્લા આરોગ્ય વિભાગની ટીમે ઓચિંતી મુલાકાત કરતાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. મુલાકાત સાક્ષી પંચો સહિતની ટીમ સંજીવની હોસ્પિટલમાં પોતાના આઈ.ડી. કાર્ડ બતાવી પ્રવેશ કરતાં ડૉ. નરેન્દ્ર ઠક્કરના હોંશ ઉડી ગયા હતા. જોકે સ્ખળ તપાસ દરમ્યાન ધ્યાને આવેલ બાબત શ્રીમતી સોનલબા અંકિતભા વાઘેલા રે. ઉંબરી, તા. કાંકરેજ જેઓ સગર્ભા હોવાથી સોનોગ્રાફિ કરવામાં આવેલ પરંતુ



દરમ્યાન જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. એ.એચ. આચાર્ય તથા ડૉ. બ્રિજેશ વ્યાસ તાલુકા બ્લોક હેલ્થ ઓફિસર અને ટીમ સહિત કાંકરેજ તાલુકા પંચાયતના સરકારી સોનોગ્રાફિનું 'એફ' ફોર્મ ભરવામાં આવેલ ન હતુ. જેથી જિલ્લા આરોગ્ય વિભાગે તેમનું નિવેદન લીધુ હતુ. જ્યારે શ્રીમતી સજ્જનબા ગુમાનસિંહ વાઘેલા રે. ઉંબરી જેઓ સગર્ભા હોઈ સારવાર માટે આવેલ અને તેમની સોનોગ્રાફિ કરવામાં આવેલ તેમનું પણ ફોર્મ



ભરવામાં આવેલ ન હતુ. જ્યારે છેલ્લા બે વર્ષના હોસ્પિટલમાં એક્ટ અન્વયે સોનોગ્રાફિ રજિસ્ટરમાં સગર્ભા નોંધણી તા. ૨૭-૪-૨૦૧૮ સુધી થયેલ અને પાના નં. ૬૬ સુધી નંબર આપેલ જેમાં ખરાઈની વિગત લખી સહિ સિક્કા કરેલ અને બાકિના પાના કોરા હતા. મુલાકાત દરમ્યાન રૂલ ૧૦(૧) વન અને અન્વયે બે સગર્ભાઓની સોનોગ્રાફી થયેલ પરંતુ ફોર્મ એફ ભરાયેલ ન હોઈ રૂલ ૧૦(૧) એ નો ભંગ થયેલ, રૂલ ૧૭(૧) અન્વયે પ્રિમાન્સીસમાં નોટીસ ફક્ત ગુજરાતી ભાષામાં લગાવતાં રૂલ ૧૭નો ભંગ કરેલ એમ રૂલ ૧૮(૪) અન્વયે ડોક્ટર પહેરેલ ડ્રેસ ઉપર નેઈમ પ્લેટ ડિસ્પ્લે લાગેલ ન હોઈ રૂલ ૧૮(૪) નો ભંગ કરેલ જ્યારે ઉપરોક્ત રૂલના ભંગ અન્વયે પી.સી. પીએન્ડીટી રૂલ ૧૨(૧) અન્વયે સોનોગ્રાફિ મશીન સીલ અને સીઝ કરીને ડૉ. નરેન્દ્ર ઠક્કર સામે કાર્યવાહિ હાથ ધરતાં આવા ડોક્ટરોમાં સન્નાટો છવાયો હતો.



### ભિલોડા એન.આર.એ.વિદ્યાલયના ભૂતપુર્વ વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી

અરવલ્લી જીલ્લાના ભિલોડા જન સેવા સંઘ સંચાલિત એન.આર.એ.વિદ્યાલયના ધોરણ.૧૦ના વર્ષ-૧૯૯૨ની બેચના ભુતપુર્વ વિદ્યાર્થીઓએ એન.આર.એ.વિદ્યાલયની શુભેચ્છા મુલાકાત લીધી હતી.ભુતપુર્વ વિદ્યાર્થીઓના સંયોજક અમિતભાઈ ભટ્ટ,દેવુભાઈ પંડ્યા,જયેશભાઈ ચૌહાણ સહિત ભુતપુર્વ વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે એન.આર.એ.વિદ્યાલયમાં ઘણા વર્ષો પછી મુલાકાત લીધી છે ત્યારે અત્યંત આનંદની લાગણી અનુભવીએ છીએ.એન.આર.એ.વિદ્યાલયનું જર્જરીત બિલ્ડીંગ નવિન બનાવવાની વિચારણા ચાલી રહી છે ત્યારે ભુતપુર્વ વિદ્યાર્થીઓએ આર્થિક રીતે સહયોગ આપવાની હૈયાધારણા આપી હતી.એન.આર.એ.વિદ્યાલયના ભુતપુર્વ વિદ્યાર્થીઓએ અભ્યાસ કાળ દરમ્યાનના વર્ષો પુરાણા સંસ્મરણો વાગોળ્યા હતા.જન સેવા સંઘ પ્રમુખ ગીરીશભાઈ ઉપાધ્યાય,ઉપપ્રમુખ રોહિતભાઈ ત્રિવેદી,શિક્ષક મુકેશભાઈ સી.ત્રિવેદી સહિત શાળા પરીવારએ ભુતપુર્વ વિદ્યાર્થીઓને આવકાર્યા હતા.

# ખેડબ્રહ્મામાં તસ્કરો બન્યા બેફામ પાંચ દિવસમાં ત્રણ બાઈક ચોરાયા

ખેડબ્રહ્મા, તા. ૧૭

ખેડબ્રહ્મામાં બાઈક ચોર ફરી સક્રિય થઈ ગયા હોય એમ એક દિવસમાં બે બાઈક ચોરી ગયા હતા. ખેડબ્રહ્મામાં બુધવારના રોજ સુરાજભાઈ પરથાભાઈ વણજારા બાઈક ન. જી.જે.૯.સી. એચ.૬૭૭૮ લઈ ખેડબ્રહ્મા બસ સ્ટેન્ડમાં પાર્ક કરેલ હતું અને પાછા આવીને જોતા તેમનું બાઈક પાર્ક કરેલ જગ્યાએ ન હતું.

આ સમય દરમ્યાન ભૂતિયા ગામના પાર્થ લાલજીભાઈ ખરાડી બાઈક જી.જે.૯.એએસ. ૩૨૦૭ લાઈ માતાજી મંદિર ગયા હતા જ્યાંથી તેમનું બાઈક કોઈ ચોર ઈસમો ચોરી ગયા હતા.

બન્ને બાઈક એક જ દિવસે એક જ સમયમાં ચોરી થઈ ગયા હતા જે અંગે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી તેમજ તા ૧૧/૫ના રોજ ગલોડિયા સરપંચ વિનોદ પટેલનુ બાઈક ચોરાયુ હતુ. આમ માત્ર પાંચ દિવસમા ત્રણ બાઈક ચોરાતા પ્રજા ભયની લાગણી વ્યક્ત કરી રહી છે.

### સિંધી સમાજનું ગૌરવ

તલોદ, તા. ૧૭

શ્રી સી.ડી. પટેલ હાઈસ્કૂલ, તલોદમાં અભ્યાસ કરતી સુરભીબેન દિલીપભાઈ પબ્રેજાએ માર્ચ-૨૦૧૮માં લેવાયેલ ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં



૫૦૦માંથી ૪૦૫ માર્કસ અને ગુજકેટમાં ૧૦૩.૭૫ માર્કસ સાથે ૯૯.૬૦ પર્સેન્ટાઈલ મેળવી તલોદમાં પ્રથમ નંબર અને સાબરકાં જિલ્લામાં દસમા નંબરનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તે બદલ ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે ઉચ્ચ શિક્ષણ માટે ૮૦,૦૦૦ રૂ.ની સ્કોલરશીપ આપવામાં આવી છે. તલોદમાં પ્રથમ અને જિલ્લામાં ટોપટેનમાં સ્થાન મેળવી સમાજ અને તલોદનું ગૌરવ વધારવા બદલ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

સુરભીબેને અગાઉ પણ એક પાત્રીય અભિયન, વક્તૃત્વ સ્પર્ધા અને વિજ્ઞાનમેળામાં રાજ્યસ્તરે ઈનામો પ્રાપ્ત કર્યા છે.